# આણંદ કૃષિ યુનિવર્સિટિના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અરણેજ ખાતે  પોષણ માહ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિયોનું આયોજન

ભારતકા અમૃત મહોત્સવ અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સિટિના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે પોષણ માહ ની ઉજવણીના ભાગરૂપે  પ્રથમ પંદર દિવસો(૧-૧૫ સપ્ટેમ્બર) દરમ્યાન વિવિધ પ્રવૃત્તિયોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ધોળકા તાલુકામાં ગ્રામ્ય કક્ષાએ ખેડૂત મહિલાઓ તેમજ આંગનવાડી કાર્યકરો માટે ખાધ્ય અને પોષણને લગતી તાલીમોનું આયોજન કરવામાં આવ્યું.

વધુમાં કેન્દ્ર ખાતે બાળ પોષણ અંગેનો વિડીયો શો, ઘર આંગણે પોષણ વાટિકા માટે શાક ભાજી ના બિયારણ તેમજ કિચન ગાર્ડન અને સ્વાસ્થ્ય સંબંધી સાહિત્યનું  નું વિતરણ કરવામાં આવ્યું.

સદર પ્રવૃત્તિયોનું આયોજન કેન્દ્ર ના વડા ડો. કે. ડી. ગુલકરી ના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર ના વૈજ્ઞાનિકો શ્રીમતી. એચ. એચ.ચાવડા (ગૃહ વિજ્ઞાન), ડો. એન.આર. પટેલ (પશુ વિજ્ઞાન), ઈજ. ડી.જે. રંગપરા (કૃષિ ઈજનેરી) દ્વારા કરવામાં આવ્યું, જેમાં કુલ ૧૦૨ ખેડૂત મહિલાઓએ ભાગ લીધો હતો.







